બારડોલી



મહુવા



મેહુલ પટેલ

# બારડોલીની મીંઢોળા નદીમાં ઘોડાપૂર

**ફાયરની** ટીમે ૩૦ લોકોને બચાવ્યા, અંતિમયાત્રા માટે બોટની મદદ લેવાઈ

બારડોલીઃ તાપી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વરસી રહેલા મુશળધાર વરસાદને પગલે ડોસાવડા ડેમ ઓવરફ્લો થયો છે, જેના કારણે મીંઢોળા નદીમાં ઘોડાપૂર આવ્યું છે. આ પૂરની ગંભીર સ્થિતિને જોતાં બારડોલીના નદી કિનારે આવેલા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા હતા. બારડોલી કોર્ટની સામે આવેલી વસાહતમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકો ફસાયા હતા. આ પરિસ્થિતિમાં બારડોલી ફાયર વિભાગની ટીમે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરીને ૩૦ જેટલા વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢીને સલામત સ્થળે આશ્રય પૂરો પાડ્યો હતો.

ઉપરાંત, બારડોલીના નદી પાર વિસ્તારને શહેર સાથે જોડતો લો-લેવલ બ્રિજ પણ પાણીમાં ગરક થઈ ગયો હતો, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. આ કપરા કાળમાં નદી પાર વિસ્તારમાં રહેતા એક પરિવારમાં મહિલાનું અવસાન થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. અંતિમસંસ્કાર માટે મૃતદેહને સ્મશાન સુધી લઈ જવો મોટો પડકાર હતો. આ મુશ્કેલ સમયે બારડોલી ફાયર બ્રિગેડની ટીમે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ફાયર વિભાગ દ્વારા ખાસ બોટની વ્યવસ્થા કરવામાં આવી હતી. બારડોલી ટાઉન પોલીસના પી.આઈ. વિજય સેંગલ અને જિલ્લા ફાયર ઓફિસર પી.બી. ગઢવી તથા તેમની ટીમની સતર્કતાથી મૃતદેહને બોટ દ્વારા નદી પાર કરાવી સ્મશાનભૂમિ સુધી પહોંચાડવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશો દ્વારા પોલીસ અને ફાયર વિભાગની આ સંવેદનશીલ કામગીરીની વ્યાપક પ્રશંસા કરવામાં આવી રહી છે.



મેહુલ પટેલ

# ગોપળા ગામે વરસાદી વહેણમાં ટ્રેક્ટર પલટી ખાઈ તણાયું

**ચાલકનો** આબાદ બચાવ

અનાવલઃ અનાવલઃ મહુવા તાલુકાના ગોપળા ગામની સીમમાં મહુવા-નવસારીને જોડતા માર્ગ પર પાણીના પ્રચંડ વહેણમાં એક ટ્રેક્ટર પલટી ખાઈને તણાઈ ગયું હતું. જો કે, ચાલકે સમયસૂચકતા દાખવી તાત્કાલિક ટ્રેક્ટરમાંથી કૂદકો મારી દેતાં તેનો આબાદ બચાવ થયો હતો અને મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બાદ પાણીનો પ્રવાહ ઓછો થતાં લોકોએ ભારે જહેમત ઉઠાવી ટ્રેક્ટરને પાણીમાંથી સુરક્ષિત બહાર કાઢ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા લોકોને આવા વહેણવાળા રસ્તાઓ પરથી વાહનો ન પસાર કરવા અપીલ કરવામાં આવી છે.

## કોષ ગામે મકાન તૂટી પડ્યું

અનાવલઃ અંબિકા તાલુકાના કોષ ગામના નવા ફળિયા વિસ્તારમાં રહેતા રડકાભાઈ ભાણાભાઈ પટેલનું મકાન સતત વરસાદને કારણે પલળી જતાં તેની દીવાલો અત્યંત નબળી પડી ગઈ હતી. જેના કારણે મકાનનો અંદરનો મોટો ભાગ અચાનક ધરાશાયી થયો હતો. ઘટનાના સમયે પરિવારના સભ્યો સલામત સ્થળે હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. મકાન તૂટી પડતાં ઘરની ઘરવખરી, અનાજ, કપડાં સહિતનો કિંમતી સામાન કાટમાળ નીચે દટાઈ ગયો હતો. જેના કારણે પરિવારને નોંધપાત્ર આર્થિક નુકસાન થયું છે અને હાલ તેમના માથે રહેઠાણનો પણ પ્રશ્ન ઊભો થયો છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનોએ તાત્કાલિક વહીવટી તંત્રને જાણ કરી હતી. સાથે જ અસરગ્રસ્ત પરિવારને સરકારી નિયમો મુજબ તાત્કાલિક વળતર અને આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.

# ડોલવણમાં 9 ઈંચ વરસાદઃ નદી-નાળામાં પાણીની આવક વધી



**સોનગઢમાં** 6 અને ઉકાઈ તાલુકામાં 5 ઈંચ જેટલો વરસાદ નોંધાયો

વાલોડઃ તાપી જિલ્લામાં ચોમાસું જોરશોરથી સક્રિય બન્યું છે. બુધવારે સવારે 6 વાગ્યા સુધીના છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો હતો. તાપી જિલ્લામાં સરેરાશ 117.75 મીમી વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ડોલવણ તાલુકામાં 226 મીમી (આશરે 9 ઈંચ) વરસાદ નોંધાયો છે.

ઉપરાંત વાલોડ તાલુકામાં 189 મીમી અને જિલ્લા મથક વ્યારામાં 169 મીમી વરસાદ નોંધાયો છે. અન્ય તાલુકાઓમાં સોનગઢમાં 145 મીમી, ઉકાઈ વિસ્તારમાં 120 મીમી અને ઉચ્છલ તાલુકામાં 67 મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે કુકરમુંડા તાલુકામાં 15 તથા નિઝર તાલુકામાં 11મીમી વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના પગલે જિલ્લાના નીચાણવાળા વિસ્તારો તેમજ નદી-નાળાઓમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. મંગળવારે મોડી સાંજે કલેક્ટર દેવ ચૌધરીના અધ્યક્ષ સ્થાને ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આગોતરા આયોજન અંગે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંબંધિત અધિકારીઓને તાલુકા અને ગામડાં સ્તરે સતત સતર્ક રહેવા તેમજ લોકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્ટેન્ડબાય રહેવાની સૂચના આપવામાં આવી હતી.

વાલોડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલો લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થવાની સાથે લોકોને હાલાકીમાં વધારો થયો હતો. બાજીપુરા ખાતેથી પસાર થતી મીંઢોળા નદી પર આવેલા લો લેવલ પાણીમાં ગરકાવ થતાં કુંભારવાડ સહિતનાં અલગ અલગ ફળિયાંનો સંપર્ક તૂટ્યો હતો. કોઈ અનિચ્છનિય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા નદી કિનારે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.



## કુકરમુંડાના તોરંદા-મોરંબા માર્ગ પર 250 વર્ષ જૂનું શીમળાનું વૃક્ષ ધરાશાયી

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના તોરંદાથી મોરંબા જતા મુખ્ય માર્ગ પર વહેલી સવારે એક અચાનક બનેલી ઘટનામાં ૨૫૦ વર્ષ જૂનું વિશાળ શીમળાનું વૃક્ષ મૂળમાંથી ઉખડીને રસ્તા પર ધરાશાયી થયું હતું. આ કારણે બંને તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. સ્થાનિક તંત્રએ ભારે જહેમત બાદ વૃક્ષ હટાવી માર્ગ પુનઃ શરૂ કર્યો હતો.

## તાપી જિલ્લામાં 32 રસ્તા ખુલ્લા થયા

વ્યારાઃ વ્યારાના નાની ચીખલીમાં મહુડાનું વૃક્ષ ધરાશાયી થતાં ખડકા-ચીખલી માર્ગ થોડા સમય માટે બંધ થયો હતો. જો કે, તંત્ર અને ગ્રામજનો દ્વારા વૃક્ષ હટાવી દેવાતાં માર્ગ ફરી રાબેતા મુજબ વાહનવ્યવહાર માટે ખુલ્લો કરાયો હતો. તાપીમાં વરસાદી સ્થિતિને લઈ તાપીના ત્રણ તાલુકામાં શાળા-આંગણવાડી બંધ, 43 રસ્તા પાણીમાં ગરકાવ થતાં જનજીવન પ્રભાવિત થયું હતું. બીજી તરફ જિલ્લાના અનેક વિસ્તારોમાં નદીઓ અને નાળાઓના જળસ્તરમાં વધારો થતાં ગ્રામ્ય વિસ્તારોમાં લો-લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થયા હતા. જેના બપોરે 12 વાગ્યા સુધીમાં પરિણામે વ્યારા, વાલોડ અને ડોલવણ સહિતનાં તાલુકામાં પંચાયત હસ્તકના કુલ 43 રસ્તા વરસાદથી પ્રભાવિત થયા હતા. અનેક ગામોનો સંપર્ક અંશતઃ ખોરવાતાં રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જો કે, વરસાદથી પ્રભાવિત થયેલ પંચાયત હસ્તકના 43 રસ્તા પૈકી 32 રસ્તા સાંજે 5 વાગ્યા સુધીમાં પાણી ઓસરી જતાં ખુલ્લા થયા હતા.

## ડુમખલ ખાતે નદી ફળિયા તરફ જતો માર્ગ પુનઃ શરૂ

વાલોડઃ વાલોડના ડુમખલ ગામે નદી ફળિયા તરફ જતા મુખ્ય માર્ગ અને લો-લેવલ કોઝવે પર મંગળવારે પાણીનો ભરાવો થતાં સલામતીના ભાગરૂપે આ રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરાયો હતો. વરસાદનું જોર ઘટતાં કોઝવે પરથી પૂરના પાણી ઓસરતાં અવરજવર માટે પુનઃ સંપૂર્ણપણે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે.



હિતેશ પટેલ

## માંડવીનો ગોડધા ડેમ ઓવરફ્લો થતાં ખેડૂતોમાં આનંદની લાગણી

માંડવીઃ માંડવી પંથકમાં અવિરત વરસાદને પગલે જળાશયોમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નદી-નાળા બે કાંઠે વહી રહ્યાં છે, ત્યારે માંડવી-ઝાંખાવાવ રોડ પર આવેલો ગોડધા ડેમ વરસાદી પાણીની સતત આવકને કારણે ઓવરફ્લો થયો છે. ડેમ છલકાવાના સમાચાર વાયુવેગે ફેલાતાં જ સ્થાનિક લોકોમાં કુતૂહલ સર્જાયું હતું અને ડેમનાં મનોહર દૃશ્યો નિહાળવા માટે લોકોના ટોળાં ઊમટી પડ્યા હતા. ગોડધા ડેમ ઉપરાંત પંથકની આમલી ડેમ અને વહેર ખાડીમાં પણ પાણીના પ્રવાહમાં વધારો નોંધાયો છે. જેથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.



વિનોદ મૈસુરીયા

# સાયણ નગરમાં ચારેકોર વરસાદી પૂરના પાણી નહીં ઓસરતાં લોકો પરેશાન



સાયણઃ સાયણ બજાર અને નીચાણવાળા વિસ્તારોમાં ગત મંગળવારે વરસાદી પૂરના પાણી ઘૂસી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સાયણ ટાઉનમાં ઉપરવાસના તાલુકાઓમાં પડેલા અતિભારે વરસાદનું પૂર સાથે સુરત શહેરના કઠોર, અબ્રામા, ઉમરા, વેલંજા, ગોથાણનું પાણી ખાડી દ્વારા સાયણમાં ઘસી આવ્યું હતું. ઉપરવાસનું પાણી, ખાડી કાંઠે થયેલાં ગેરકાયદે બાંધકામો, જિંગાનાં તળાવોની આડાશ અને અધૂરી ગટરલાઈનના કારણે પાણીનો ઝડપી નિકાલ થયો ન હતો, જેથી લોકોની ઘરવખરીને મોટું નુકસાન થયું હતું.

પરિસ્થિતિનો તાગ મેળવવા ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે સરકારી અધિકારીઓ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે ટ્રેક્ટરમાં બેસી સ્થિતિનું નિરીક્ષણ કર્યું અને જે.સી.બી. મારફતે પાણીના નિકાલની કામગીરી શરૂ કરાવી હતી. ધારાસભ્યએ મામલતદાર અને ટી.ડી.ઓ.ને નુકસાનીના સરવેની કામગીરી તાકીદે હાથ ધરવા, અધૂરી ગટરલાઈન પૂર્ણ કરવા તેમજ ખાડી પરનાં ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કડક સૂચના આપી હતી. પૂર અસરગ્રસ્તો માટે ગ્રામ પંચાયતે ભોજન અને રહેવાની વ્યવસ્થા કરી હતી.

# માંગરોળનું વડોલી ગામ સંપર્કવિહોણું

**વડોલીની** ટોકરવા નદીમાં પાણીનો પ્રવાહ વધતાં લો લેવલ બ્રિજ ગરકાવ

વાંકલઃ માંગરોળ તાલુકામાં મેઘરાજાની બેટિંગને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે કોસાડીથી વડોલી એપ્રોચ રોડ પર આવેલી ટોકરી નદીમાં ભયજનક સપાટીએ પૂર આવ્યું છે. પૂરના ધસમસતા પ્રવાહને લીધે વડોલી ગામનો લો-લેવલ બ્રિજ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. પરિણામે કોસાડી અને સિમોદ્રા તરફથી વડોલી જતા બંને મુખ્ય રસ્તાઓ બંધ થતાં વાહનવ્યવહાર ઠપ્પ થયો છે અને ગામ સંપર્કવિહોણું બન્યું છે. તંત્રએ લોકોને પાણીમાં સાહસ ન કરવા સૂચના આપી છે. જો કે, વરસાદ બંધ થતાં પાણીનો પ્રવાહ ઓછો થતાં તંત્ર અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.



વિનોદ મૈસુરીયા

## ઉમરપાડાનો વહારથી બલાલકૂવા જતો માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયો

વાંકલઃ ઉમરપાડા તાલુકામાં સવારે મોટા પ્રમાણમાં વરસાદ વરસતા વહારથી બલાલકૂવા માર્ગ પરનો લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થઈ જતાં થોડા સમય માટે અવરજવર માટે બંધ કરાયો હતો. વરસાદનું જોર ઘટતાં રસ્તો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો હતો. ઉમરપાડા મામલતદાર રાજુભાઈ ચૌધરીએ લો લેવલ બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું.

## કોસાડીમાં કીમ નદીના પાણી ઘૂસ્યા

વાંકલઃ માંગરોળ તાલુકામાં ભારે વરસાદને પગલે કોસાડીમાં આવેલા ચોરા પાસે કીમ નદીના પાણી ઘૂસી ગયા હતા. જેથી ગામ બેટમાં ફેરવાઈ ગયું હતું. વરસાદનું જોર ઘટતાં પાણી ઓસરવાનું શરૂ થઈ ગયું હતું. રાબેતા મુજબ રસ્તો શરૂ થઈ ગયો હતો.

# કુડસદની સમૂહ વસાહતનગરમાં ઘૂંટણ સુધી પાણી ભરાતાં હાલાકી

**ઘરોમાં** પાણી ઘૂસતાં લોકોમાં ભારે રોષ

કીમઃ કીમ અને ઓલપાડના કુડસદ ગામના સમૂહ વસાહતનગરમાં ધોધમાર વરસાદથી ઘૂંટણસમા પાણી ભરાતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. કીમ ચાર રસ્તા વચ્ચે ચાલી રહેલા 21 કરોડના બોક્સ ડ્રેનેજના અધૂરા કામ અને કોન્ટ્રાક્ટરની બેદરકારીને લીધે કુદરતી નિકાલ બંધ થતાં આ પરિસ્થિતિ સર્જાઈ છે. આશિયાના નગર, કિમાવતી કોમ્પ્લેક્સ, રણછોડનગર, અંકુર શોપિંગ સેન્ટર, મુન્ના એજન્સી વિસ્તાર, ભરવાડ વસાહત સહિતના નીચાણવાળા ભાગોમાં વરસાદી પાણી સાથે ગટરના પાણી ઘરો અને દુકાનોમાં ઘૂસી જતાં મોટું નુકસાન થયું છે. કીમ-કુડસદ માર્ગ પર પાણી અને માટીના ઢગલાથી વાહનવ્યવહાર ખોરવાયો છે. વર્ષો પછી પહેલીવાર આવી હાલાકી ભોગવતા રોષે ભરાયેલા સ્થાનિકોએ તંત્ર પાસે તાત્કાલિક પાણી નિકાલની માંગ કરી છે.



કિરણ ઢોડિયા

તો ઓલપાડ તાલુકાના કઠોદરા ગામથી કોસંબાને જોડતો અતિ મહત્ત્વનો ગાયકવાડી માર્ગ પર સતત વરસાદ અને વરસાદી પાણીના ભારે ભરાવાના કારણે માર્ગ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. માર્ગ પર પાણીનું સ્તર વધતાં વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. કઠોદરા ગામ નજીક આવેલી પુલિયા પરથી મોટી માત્રામાં પાણી પસાર થતાં સમગ્ર માર્ગ જળમગ્ન બન્યો હતો. જેના કારણે કઠોદરા, કોસંબા તેમજ આસપાસનાં ગામોના નોકરિયાત વર્ગ અને દૈનિક મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાલ પાણી ઓસર્યા બાદ જ માર્ગ ફરી વાહનવ્યવહાર માટે શરૂ થઈ શકશે.

# પલસાણામાં પૂર જેવી સ્થિતિ 200થી વધુ લોકોનું સ્થળાંતર

પલસાણાઃ પલસાણા તાલુકામાં મંગળવારે વરસેલા અતિભારે વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. તાલુકામાં 18 ઈંચથી વધુ વરસાદ નોંધાતાં ઠેર ઠેર પાણી ભરાયા છે, જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ને સુરતના જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર મીણાએ બલેશ્વર ગામે પહોંચી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે ત્યાં બનાવવામાં આવેલા શેલ્ટર હોમની મુલાકાત લીધી હતી અને રાહત તેમજ બચાવ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. પૂરને કારણે અસરગ્રસ્ત થયેલા 200થી વધુ લોકોને તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા તમામ અસરગ્રસ્તોને જરૂરી ખાદ્ય સામગ્રી, આરોગ્યલક્ષી સુવિધાઓ અને અન્ય પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વહીવટી અધિકારીઓ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## બલેશ્વરના રાજહંસ ટેક્ષપામાં પાણી ભરાયા

પલસાણાઃ બલેશ્વરના રાજહંસ ટેક્ષપામાં ભારે વરસાદને પગલે પાણી ભરાઈ ગયું હતું. આ વિસ્તારમાં ૫૦થી ૬૦ જેટલા લોકો ફસાયા હતા, જેમનું બારડોલી ફાયર બ્રિગેડની ટીમે રેસ્ક્યુ કર્યું હતું. આ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ટેક્ષપામાં ફસાયેલી એક વ્યક્તિ કુદરતી હાજતે ગઈ હતી. ત્યારે તેમને સાપ કરડ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે ઈજાગ્રસ્ત વ્યક્તિને રેસ્ક્યુ કરીને નજીકની સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચાડી હતી. સમયસર સારવાર મળતા તે વ્યક્તિનો જીવ બચી ગયો હતો.